# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

SGCCI

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/028 Dt. 03/07/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## છત્રીમાં જીવનના રંગો ભરવાની કળા, ચેમ્બરની આર્ટ, કલ્ચર એન્ડ હેન્ડીક્રાફટ કમિટી દ્વારા 'અમ્બ્રેલા પેઇન્ટીંગ' પર વર્કશોપ યોજાયો

### આંત્રપ્રિન્યોર્સ, ડોકટર્સ, ગર્ભવતિ મહિલાઓ, હોમમેકર્સ અને વિદ્યાર્થીઓએ છત્રીમાં જીવનના રંગો ભર્યા, સાથે જ ૩ કલાક સુધી મોબાઇલ અને કોમ્પ્યુટરથી દુર રહીને સ્ટ્રેસથી રિલેકસ પણ રહયાં

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની આર્ટ, કલ્ચર એન્ડ હેન્ડીક્રાફટ કમિટી દ્વારા બુધવાર, તા. ર જુલાઇ ર૦ર૫ના રોજ બપોરે ૩:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે અમ્બ્રેલા પેઇન્ટીગ પર વર્કશોપ યોજાયો હતો, જેમાં ફેકલ્ટી તરીકે શ્રીમતી અવનીબેન દેસાઇએ પેઇન્ટિંગ ટેકનિક, રંગોની પસંદગી અને ડિઝાઇનિંગ વિષે માર્ગદર્શન આપ્યું હતું. આ વર્કશોપમાં આંત્રપ્રિન્યોર્સ, ડોકટર્સ, ગર્ભવતિ મહિલાઓ, હોમમેકર્સ અને વિદ્યાર્થીઓ મળી ૫૫ જેટલા લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઇ છત્રીમાં જીવનના રંગો ભર્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સની આર્ટ, કલ્ચર એન્ડ હેન્ડીક્રાફટ કમિટીના ચેરપર્સન શ્રીમતી સ્વાતીબેન શેઠવાલાએ જણાવ્યું હતું કે, આ વર્કશોપમાં આંત્રપ્રિન્યોર્સ, ડોકટર્સ, ગર્ભવતિ મહિલાઓ, હોમમેકર્સ અને વિદ્યાર્થીઓએ ૩ કલાક સુધી મોબાઇલ અને કોમ્પ્યુટરથી દુર રહીને આખા ગૃપની સાથે મળીને પોતાની કલ્પનાશક્તિ સાથે રંગબેરંગી છત્રીઓ તૈયાર કરી હતી. જીવનના જે રીતે વિવિધ રંગો હોય છે એવા જુદા જુદા રંગો તેઓએ છત્રીઓમાં ભરીને પોતાની કલાકૃતિનું ઉત્તમ પ્રદર્શન કર્યું હતું.

આ વર્કશોપનો ઉદ્દેશ છત્રીમાં જીવનના રંગો ભરવાની કળાના ભાગ રૂપે સ્ટ્રેસથી રિલેકસ રહેવાનો હતો. સાથે જ વર્કશોપમાં ભાગ લેનારાઓની સર્જનાત્મકતા વિકસાવવાનો અને તેઓની અંદર રહેલી અભિવ્યક્તિને બહાર લાવવાનો હતો. આજના યુગમાં વ્યવસાય અને ઉદ્યોગની સાથે સર્જનાત્મકતા જોડાય એ જરૂરી બની ગયું છે. આવા

વર્કશોપ યુવાનોને પોતાના ટેલેન્ટને ઓળખવાની અને તેનાથી રોજગારની દિશામાં આગળ વધવાની તક આપે છે. આ પ્રકારના વર્કશોપના માધ્યમથી ચેમ્બર ઓફ કોમર્સ નવી પેઢીમાં હસ્તકલાના પ્રત્યે રુચિ વધારવા અને સ્થાનિક કલાને વ્યાપક મહત્વ આપવા માટે સતત પ્રયત્નશીલ છે.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ વર્કશોપમાં સ્વાગત પ્રવચન કર્યું હતું. ચેમ્બરની આર્ટ, કલ્ચર એન્ડ હેન્ડીક્રાફટ કમિટીના કો–ચેરપર્સન સુશ્રી નિમિષા પારેખે વર્કશોપનું સંચાલન કર્યું હતું. કમિટીના કો–ચેરપર્સન સુશ્રી વનિતા રાવતે વર્કશોપમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. પ્રોગ્રામ કો–ઓર્ડિનેટર સુશ્રી માનસી વિરાણીએ ફેકલ્ટીનો પરિચય આપ્યો હતો. ચેમ્બરના ગૃપ ચેરમેન સીએ મયંક દેસાઇ, ચેમ્બરના લેડીઝ વીંગના ચેરપર્સન તેમજ આર્ટ, કલ્ચર એન્ડ હેન્ડીક્રાફટ કમિટીના એડવાઇઝર શ્રીમતી મયૂરીબેન મેવાવાલા અને મહિલા સાહસિકો ઉપસ્થિત રહયા હતા.